NAVSARI AGRICULTURAL UNIVERSITY
ERU CHAR RASTA, NAVSARI, GUJARAT-396 450

NAVSARI AGRICULTURAL UNIVERSITY
**Dr. T. R. Ahlawat**
ASSOCIATE DIRECTOR OF RESEARCH
PI & NODAL OFFICER (CAAST)

**Phone/Fax: (O):**(02637) 283160
**Phone:** 282771-75 Ext. 1123
**Email:** tahlawat4@gmail.com
caastnau@gmail.com

No. NAU/DR/NAHEP-CAAST/ 2010 /2019 Date: 06 / 12 /2019

વિષય: કેટરિંગના ભાવ ક્વોટેશન ફોર્મમાં ભરી મોકલી આપવા બાબત...

સવિનય જણાવવાનું કે અત્રેની નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા તા. ૨૬/૧૨/૨૦૧૯ થી તા. ૨૮/૧૨/૨૦૧૯ દરમિયાન **"Agripreneurship: Current Scenario and Future Endeavours"** CAAST-૨૦૧૯ નું આયોજન થનાર છે. આ નેશનલ સેમિનારમાં ભાગ લેવા માટે આવનાર દેશભરના મહેમાનો માટે ક્વોટેશન ફોર્મમાં જણાવેલ શરતોને આધીન તેમજ જણાવેલ સમય અને મેનુ મુજબના કેટેરિગના તમારા ભાવો ક્વોટેશન ફોર્મમાં ભરી છેલ્લી તારીખ તા. ૧૯/૧૨/૨૦૧૯ સુધીમાં સીલબંધ કવરમાં મોકલવામાં જણાવવામાં આવે છે. સદર ભાવ પત્રકો રૂબરૂ અથવા ટપાલથી **પી.આઈ. અને નોડલ ઓફિસર, CAAST-૨૦૧૯, સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** ના સરનામે મોકલી આપવામાં રહેશે. બંધ કવર ઉપર **"CAAST -2019 "Agripreneurship: Current Scenario and Future Endeavours" માટે કેટરિંગનું ભાવ પત્રક"** એમ લખવું.

ડૉ. ટી. આર. અલહાવત
પી.આઈ. અને નોડલ ઓફિસર, ઓર્ગનાઇઝિંગ
સેક્રેટરી,
CAAST-૨૦૧૯

**CAAST -2019** "Agripreneurship: Current Scenario and Future Endeavours" માટે કેટરિંગનું ભાવ પત્રક

| | |
|---|---|
| ૧ | પાર્ટીનું નામ |
| ૨ | પાર્ટીનું સરનામું |
| ૩ | ફોન નંબર |
| ૪ | પાન કાર્ડ નંબર (નકલ ફરજિયાત જોડવી) |

હું                                        સેમિનારના ક્વોટેશન ની તમામ શરતો સાથે સહમત છું તથા તે પાળવા બંધાયેલો છું.

તારીખ:                                                  પાર્ટીનું નામ અને સહી

## CAAST -2019 “Agripreneurship: Current Scenario and Future Endeavours” માટે કેટરિંગના ભાવની શરતો

૧. વિગતવાર ભાવો ભરી ક્વોટેશન ફોર્મ અને પાન કાર્ડની નકલ સાથે બંધ કવરમાં તારીખ ૧૯/૧૨/૨૦૧૯ સુધીમાં “**પી.આઈ. અને નોડલ ઓફિસર CAAST, સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**” ના સરનામે રૂબરૂ કે પોસ્ટ થી પહોચતા કરવાના રહેશે. અંતિમ તારીખ બાદ ક્વોટેશન ફોર્મ ગણતરીમાં લેવામાં આવશે નહીં.

૨. બંધ કવર ઉપર સારા શબ્દોમાં "**CAAST -2019 “Agripreneurship: Current Scenario and Future Endeavours”** ના કેટરિંગ સર્વીસના ભાવ" એમ લખવું તથા મોકલનારેલ પોતાનું નામ, પૂરેપુરું સરનામું અને ફોન નંબર લખવો.

૩. સેવા આપતી દરેક વ્યક્તિ નમ્ર યોગ્ય વર્તણૂકવાળી અને સુઘડ અને સ્વચ્છ ગણવેશ પહેરેલ હોવી જોઈએ.

૪. મિનરલ વોટર, ચા અને કોફી સારી ગુણવત્તાવાળા કાગળના ડિસ્પોઝેબલ ગ્લાસમાં આપવાના રહેશે.

૫. અતિથિગૃહમાં રોકાયેલ મહેમાનોને બેડ-ટી આપવાની રહેશે.

૬. જમણવાર માટે સારી ગુણવત્તા વાળું દૂધ, દહી, છાશ, આસ્ક્રીમ વાપરવાના રહેશે.

૭. રસોઈ સુદ્ધ સીંગતેલમાં તેમજ સારી બ્રાંડના બાસમતી ચોખા, ઘઉં, તુવેરદાળ તેમજ અન્ય વસ્તુઓ વાપરવાની રહેશે. જેની ખરાઈ ખોરાક કમિટી પાસે કરવવાની રહેશે.

૮. જરૂરી સાધન સામગ્રી જેવી કે ડિશ, વાટકી, ચમચી, પેપર નેપકિન વગેરે સ્થળ પર તમારે લાવવાના રહેશે.

૯. રસોઈ માટે સુદ્ધ મિનરલ વોટર વાપરવાનું રહેશે.

૧૦. અનિવાર્ય સંજોગોમાં એક અથવા વધુ સમય માટે કેટેરિંગ સેવા રદ કરવાની થાય તો છ કલાક પહેલા જણાવવામાં આવશે.

૧૧. 100 માણસો દિઠ ઓછામાં ઓછું એક કેટેરિંગ સર્વિસ ટેબલ અને હાથ ધોવા માટે બે વોશ-બેઝીન રાખવાના રહેશે. ચોક્કસ વકતીની સંખ્યા છ કલાક પહેલા જણાવવામાં આવશે.

૧૨. સવારનો ચા નાસ્તો, બપોરનું ભોજન અને સજના ભોજન માટે એક ડિશના કર સાથેના ન્યૂનતમ ભાવ આપવાનો રહેશે. જો ખોરાકની ગુણવત્તા બરાબર નથી અથવા નક્કી કર્યા પ્રમાણે નથી એમ માલૂમ પડશે તો તુરંતજ કોઈપણ કારણ દર્શક નોટિશ વગર કરાર રદ કરવામાં આવશે.

૧૩. આ સેમિનાર રાસ્ત્રીય કક્ષાનો કાર્યક્રમ હોય, મહેમાનો ભારતના દરેક પ્રદેશમાંથી આવતા હોઇ આહારની ગુણવત્તા તથા સ્વાદ સર્વગ્રાહ્ય રહે તેની કાળજી લેવી.

૧૪. સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ની સત્તાએ કોઈપણ કારણદર્શક નોટિસ આપ્યા વગર કોઈ એક અથવા બધા ક્વોટેશન અસ્વીકાર્ય રાખી શકે છે. આવા કિસ્સાને લઈને તમે કોર્ટમાં વાંધો ઉઠાવી સકશો નહીં.

૧૫. ૫૦ વ્યક્તિ બેસી શકે તે માટે વી આઈ પી વ્યવસ્થા કરવાની રહેશે અને તેમના માટે દશ (૧૦) કુશળ વ્યક્તિઓ જે હિન્દી પણ સમજી શકે તેઓ દ્વારા પીરસવાની વ્યવસ્થા કરવાની રહેશે. વી.વી.આઈ.પી. માટે સવારનો ચા નાસ્તો, બપોરનું ભોજન અને સાંજના ભોજન સમયે મિનરલ વોટર બોટલ આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૬. કોઈપણ વિવાદિત કિસ્સામાં **માનનીય કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી** નો અંતિમ નિર્ણય બધાજ પક્ષોએ ગ્રાહ્ય રાખવાનો રહેશે.

૧૭. ભોજન પીરસતા સમયે કેપ તથા હાથ મોજા ફરજીયાત પહેરવાના રહેશે

ઉપર દર્શાવેલ શરતો અને કોઈપણ સમયે કરાવેલ નવી શરતો મને સ્વીકાર્ય છે

સ્થળ:ર		પાર્ટીની સહી:

તારીખ:		નામ:

ફોન નંબર:

તારીખ ૨૬ - ૨૮ ડિસેમ્બર, ૨૦૧૯ ના યોજાનાર CAAST -2019 "Agripreneurship: Current Scenario and Future Endeavours" માટે ભોજન ના ભાવ મંગાવવા બાબત....

| તારીખ | | વિગત | એક ડિશનો ભાવ |
|---|---|---|---|
| ૨૬/૧૨/૨૦૧૯ | નાસ્તો | ઇડલી સંભાર-ચટણી, સેવ ખમણ, ચા, કોફી, બ્રેડ બટર જામ, કોર્ન ફ્લેક્સ | |
| | હાઈ ટી | મિક્સ ફ્રૂટ ડિશ (સફરજન, દ્રાક્ષ, પપૈયાં, પાઈનેપલ, સ્ટ્રોબેરી, દાડમ, કિવી, તરબૂચ, જમરૂખ પૈકિ કોઇપણ પાંચ(૫) આઇટમ), હોટ એન્ડ કોલ્ડ બ્રાઉની આઈસક્રીમ સાથે / ફલુદો, નારિયેલ પાણિ, ચા, કોફી | |
| | બપોરનું ભોજન | ડ્રાયફ્રૂટ મઠો, ડ્રાય ઊંધિયું, પનીર ટિક્કા મસાલા, દાલ ફ્રાય, જીરા રાઈસ, રોટલી, પાપડ, કચુંબર, દહી, મસલા છાશ, આઇસ્ક્રીમ | |
| | સેશન બ્રેક | ચા, કોફી, બિસ્કિટ,વેફર(કેળા+બટેકા મિક્સ) | |
| | સાંજનું ભોજન | રસગુલ્લા, પનીર કઢાઈ, ભીંડા મસાલા, પુલાવ કઢી, રોટલી, કચુંબર, મસલા છાશ, પાપડ | |
| ૨૭/૧૨/૨૦૧૯ | નાસ્તો | લાઈવ ઢોકળા- ગ્રીન ચટણી, ઢોસા (પ્લેન, મસાલા), બ્રેડ બટર જામ, ચા, કોફી, દૂધ | |
| | સેશન બ્રેક | ચા, કોફી, બિસ્કિટ, વેફર (કેળા+બટેકા મિક્સ) | |
| | બપોરનું ભોજન | ડ્રાય ફ્રૂટ બાસુંદી, ગુજરાતી મિક્સ વેજીટેબલ શાક, પનીર ભૂરજી, સેવરોલ - ચટણી, રોટલી, દાલ ફ્રાય, જીરા રાઈસ, કચુંબર, પાપડ, ગ્રીન સલાડ, મસલા છાશ | |
| | સેશન બ્રેક | ચા, કોફી, બિસ્કિટ, જ્યુશ (સંતરા/પાઇનેપલ ) | |
| | સાંજનું ભોજન | હોટ એન્ડ શોર સુપ, ડ્રાય ફ્રૂટ શ્રીખંડ, મલાઈ કોફ્તા, તવા સબ્જી (ટામેટાં, રીંગણ, બટાકા, કાંદા), રોટલી, પરોઠા, કચુંબર, પાપડ, સલાડ, મસલા છાશ, દાલ-રાઈસ | |
| ૨૮/૧૨/૨૦૧૯ | નાસ્તો | બટાકા પૌવા, ઉપમા, સેવ ખમણી, જલેબી, બ્રેડ બટર જામ, ચા, કોફી | |
| | સેશન બ્રેક | ચા, કોફી, બિસ્કિટ, વેફર (કેળા+બટેકા મિક્સ) | |
| | બપોરનું ભોજન | અંગુર રબડી, પંચકૂટિયું, દાળ ફ્રાય, જીરા રાઈસ, કટલેશ-ચટણી, રોટલી, કચુંબર, પાપડ, ગ્રીન સલાડ, મસલા છાશ | |
| | સેશન બ્રેક | ચા, કોફી, બિસ્કિટ | |
| | સાંજનું ભોજન | હોટ એન્ડ શોર સૂપ, મગની દાળનો શીરો, ભરેલા ભીંડા, રીંગણ બટાકાનું શાક, કેળાં મેથીના ભજીયા, ગુજરાતી દાળ ભાત, પાપડ, સલાડ, મસલા છાશ | |
| ઉપરોક્ત તમામ ભાવો ટેકસ સહિતના છે. | | | |
| | | | |

તારીખ:

પાર્ટીનું નામ અને સહી